# હાઈએલ્ટિટ્યુડ એરિયલ પ્લેટફોર્મમાં મંત્રાનું વિશિષ્ટ કોટિંગ મટિરિયલ

**આ માટે** સામાન્ય ટેક્સટાઈલ કોટિંગથી અલગ ટેક્નોલોજી વિકસાવાઈ રહી છે



સુરત : ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન દ્વારા વિકસાવવામાં આવી રહેલી હાઈ ઓલ્ટિટ્યુડ એરિયલ પ્લેટફોર્મ સિસ્ટમ માટે જરૂરી વિશિષ્ટ ટેક્સટાઈલ મટીરિયલ અને સ્પેશિયલાઇઝ્ડ કોટિંગ ટેકનોલોજીના વિકાસમાં સુરત સ્થિત મંત્રામહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

DRDOના હાઈ ઓલ્ટિટ્યુડ પ્લેટફોર્મ 6 ઓક્ટોબર 2026ના DRDO ની સત્તાવાર ફ્લાઇટ ટ્રાયલમાં આ પ્લેટફોર્મ 21 કિમી સુધી પહોંચ્યું હતું અને 20 કિમી ઊંચાઈએ 30 મિનિટથી વધુ સમય રહ્યું હતું. આ પ્રોજેક્ટના સંદર્ભમાં MANTRA ખાતે ટેક્સટાઈલ સબસ્ટ્રેટ માટે વિશિષ્ટ કોટિંગ ટેકનોલોજી વિકસાવવામાં આવી રહી છે. સામાન્ય ટેક્સટાઈલ કોટિંગથી અલગ આ ટેકનોલોજી ઉચ્ચ કાર્યક્ષમતા ધરાવતી ડિફેન્સ એપ્લિકેશનની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવી રહી છે. MANTRA ખાતે મટીરિયલની પસંદગીથી માંડી કોટિંગ, પ્રોસેસ ડેવલપમેન્ટ, લેબોરેટરી ટેસ્ટિંગ અને ટેકનિકલ મૂલ્યાંકન સુધીની કામગીરી દ્વારા ટેકનોલોજીને સંરક્ષણ ક્ષેત્રની કડક જરૂરિયાતોને અનુરૂપ બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

# નાસિરનગર કાંડમાં મનપાની મુશ્કેલી વધી કોર્ટના કડક રૂખ વચ્ચે વધુ એક પિટિશન

**અસરગ્રસ્તો** માટે હેલ્પ ડેસ્ક અને વૈકલ્પિક આવાસની માંગણી સાથે 200 પરિવારનો અસર થયાનો દાવો

સુરતઃ સુરત મહાનગરપાલિકા માટે ગળાનું હાડકું બનેલા નાસિરનગર ડિમોલિશન કાંડમાં કોર્ટના કડક રૂખ વચ્ચે મનપાની મુશ્કેલીઓ સતત વધી રહી છે. અગાઉ નાસિરનગરના ડિમોલિશન મુદ્દે કોર્ટમાં ત્રણ અલગ-અલગ કેસ ચાલી રહ્યા છે ત્યારે હવે વધુ ચાર મિલકતદાર દ્વારા નવી પીટીશન દાખલ કરવામાં આવતા મનપાનું ટેન્શન વધ્યું છે. નવી પીટીશનમાં ડિમોલિશનથી અસરગ્રસ્ત તમામ લોકો માટે હેલ્પ ડેસ્ક શરૂ કરવા ઉપરાંત તમામ અસરગ્રસ્તોને વૈકલ્પિક આવાસ ફાળવવાની માંગ કરવામાં આવી છે.

### ખરેખર લાભાર્થી કેટલા? 63થી 200 મનપાની ગણતરી સામે સવાલ

મનપા દ્વારા 63 મિલકતને અસર થઈ હોવાનું જણાવાયું છે, પરંતુ અરજદારો દ્વારા રજૂ કરાતા આંકડામાં સતત વધારો થઈ રહ્યો છે. 105 બાદ 154 અને હવે લગભગ 200 અસરગ્રસ્તનો ઉલ્લેખ થતાં વાસ્તવમાં ડિમોલિશનથી કેટલા પરિવારો અને મિલકતો અસરગ્રસ્ત થઈ તે અંગેનો વિવાદ વધુ ઘેરો બની શકે છે. જો કોર્ટ દ્વારા અસરગ્રસ્તોની વ્યાપક ચકાસણી કે પુનઃસરવેના આદેશ આપવામાં આવે તો મનપા માટે આ મામલો વધુ મોટો વહીવટી અને નાણાકીય બોજ બની શકે છે.

નાસિર નગર મામલે મનપા માટે સૌથી મોટો માથાનો દુઃખાવો એ છે કે કોર્ટમાં ચાલી રહેલી દરેક પિટિશન સાથે અસરગ્રસ્તોની સંખ્યા વધી રહી છે. મનપાના સત્તાવાર જણાવ્યા મુજબ ડિમોલિશન કાર્યવાહીથી કુલ 63 મિલકતને અસર થઈ હતી. જોકે, અગાઉ દાખલ થયેલી એક પિટિશનમાં 105 અસરગ્રસ્તનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બીજી પિટિશનમાં આ સંખ્યા વધીને 154 સુધી પહોંચી હતી. હવે નવી પિટિશનમાં અસરગ્રસ્તોની સંખ્યા 200 જેટલી દર્શાવવામાં આવતા આ સમગ્ર મામલે મનપા સામે નવી મંડાગાંઠ ઊભી થવાની શક્યતા છે. નાસિરનગરમાં વેડ રોડ અને ચંદ્રશેખર આઝાદ બ્રિજ નજીક થયેલી ડિમોલિશન કાર્યવાહી બાદ અસરગ્રસ્તો દ્વારા કાયદાકીય લડત શરૂ કરવામાં આવી હતી. કેટલાક અસરગ્રસ્તોએ કાર્યવાહી પૂર્વે પૂરતી નોટિસ આપવામાં આવી ન હોવાનો આક્ષેપ કર્યો હતો. આ મામલે હાઈકોર્ટમાં SCA 8712/2026 સહિતની અરજીઓ ચાલી રહી છે. અગાઉ હાઈકોર્ટે અસરગ્રસ્ત પરિવારોના રહેઠાણના મુદ્દે પણ ગંભીરતા દાખવી હતી અને મકાનની વૈકલ્પિક વ્યવસ્થા અંગે સરકાર-મનપાની જવાબદારી તરફ ધ્યાન દોર્યું હતું. આ ઉપરાંત નાસિરનગર મામલે અસરગ્રસ્ત પરિવારોને 1-BHK પ્રકારના વૈકલ્પિક આવાસ આપવા માંગ પણ ઊઠી ચૂકી છે. રાજ્ય સ્તરે પણ આ સમગ્ર પ્રકરણની તપાસ અને સુનાવણીની પ્રક્રિયા હાથ ધરાઈ છે. હવે નવી પિટિશનમાં હેલ્પ ડેસ્ક તથા તમામ અસરગ્રસ્તોને વૈકલ્પિક આવાસની માંગણી થતાં મનપા સામે કોર્ટમાં કયા પ્રકારનું વલણ અપનાવવામાં આવે છે તેના પર સૌની નજર છે.

DGVCLની ઇલેક્ટ્રિક આસિ. પરીક્ષામાં મોબાઈલથી ચોરી ! સ્કેટ કોલેજમાં પરીક્ષામાં

# લેન્સ એપથી પેપર સ્કેન કરતાં પરીક્ષાર્થી પકડાયો પણ કાર્યવાહી નહીં

**12:55** વાગ્યે મોબાઈલ સાથે પકડાયા બાદ પણ એજીએમ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કેમ નહીં?

સુરતઃ ગત રવિવારે DGVCLની એપ્રેન્ટીસમાંથી ઈલેક્ટ્રિક આસિસ્ટન્ટની પરીક્ષા યોજાઈ હતી. પરીક્ષા માટે સ્કેટ કોલેજ, કે.પી. કોલેજ અને વી.ટી. ચોક્સી કોલેજ એમ કુલ ત્રણ પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા હતા. પરીક્ષાના પ્રશ્નપત્ર તૈયાર કરવાથી લઈને પરીક્ષાનું આયોજન અને પરિણામ જાહેર કરવા સુધીની સમગ્ર જવાબદારી સ્કેટ કોલેજને સોંપવામાં આવી હોવાનું જાણવા મળે છે. સ્કેટ કોલેજ ખાતે સવારે 11થી બપોરે 1 વાગ્યા સુધી પરીક્ષા યોજાઈ હતી. દરમિયાન એક પરીક્ષાર્થી મોબાઈલ ફોન સાથે ઝડપાયો હતો. આ પરીક્ષાર્થી મોબાઈલમાં લેન્સ એપ્લિકેશનનો ઉપયોગ કરીને પ્રશ્નપત્ર સ્કેન કરી રહ્યો હોવાનો આક્ષેપ છે. ખાસ વાત એ છે કે આ પરીક્ષાર્થીને પરીક્ષા પૂર્ણ થવાના માત્ર પાંચ મિનિટ પહેલાં એટલે કે બપોરે 12:55 વાગ્યે પકડવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી છે. પરીક્ષા દરમિયાન મોબાઈલ ફોનનો ઉપયોગ કરી પ્રશ્નપત્ર સ્કેન કરવાના આક્ષેપને ગંભીર ગેરરીતિ તરીકે જોવામાં આવી રહ્યો છે.

### AGMને પૂછતા કહ્યું, 'રેકોર્ડિંગ ચેક કરાશે'

આ સમગ્ર મામલે DGVCLના AGM વી.આર. તલાવીયાનો સંપર્ક કરવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે ઘટનાનું રેકોર્ડિંગ ચેક કરવામાં આવશે અને ત્યારબાદ જરૂર જણાય તો કાર્યવાહી કરવામાં આવશે. જોકે, આ જવાબને પગલે પરીક્ષા વ્યવસ્થા સામે વધુ સવાલો ઊભા થાય છે. કારણ કે પરીક્ષાર્થી પરીક્ષાખંડમાં મોબાઈલ ફોન સાથે ઝડપાયો હોવાની વાત સામે આવી રહી છે ત્યારે સમગ્ર ઘટનાની પ્રાથમિક હકીકત સ્થળ પર જ સ્પષ્ટ થઈ શકતી હોવા છતાં હવે રેકોર્ડિંગ ચેક કરવાની જરૂરિયાત શા માટે ઊભી થઈ?

### 2022માં માસ કોપી કેસમાં પોલીસ ફરિયાદ થઈ હતી

2022માં માલિબા કોલેજમાં આયોજીત પરીક્ષામાં પાંચથી છ પરીક્ષાર્થીઓ માસ કોપી કેસમાં ઝડપાતા તેમની સામે પોલીસ ફરિયાદ કરી પરીક્ષા રદ કરાઈ હતી.

## પાલમાં મનપાની બેદરકારીથી 100થી વધુ છોડ સૂકાઈ જતાં રોષ



પાલ ખાતે આવેલા નાયરા પેટ્રોલ પંપ આગળના મનપાના રિઝર્વ પ્લોટમાં ઉછેરવા માટે લવાયેલા 100થી વધુ વૃક્ષોના રોપા સમયસર વાવવાને બદલે એમને એમ પડી રાખવામાં આવતાં સુકાઈને નાશ પામતા મનપાના ગાર્ડન ખાતાની બિનજવાબદાર કામગીરી છતી થઈ છે, જેનાથી પર્યાવરણ પ્રેમીઓમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. આ મુદ્દે વિરોધ નોંધાવતાં પર્યાવરણ પ્રેમી મહેશ પટેલે કહ્યું છે કે, ગાર્ડન ખાતાની આવી બેદરકારી બદલ જે પણ જવાબદાર અધિકારીઓ કે કર્મચારીઓ હોય, તેમના પગારમાંથી જ આ તમામ નુકસાનીનો ખર્ચ વસૂલવામાં આવે અને ભવિષ્યમાં કડક કાર્યવાહી કરવામાં આવે.

# બાળકીને ઉધનાથી સિવિલ લઈ જતી 108ને અકસ્માત

**અકસ્માત** છતાં 108એ બાળકીને નવી સિવિલ હોસ્પિટલમાં પહોંચાડી, પણ બચી નહીં

સુરતઃ ઉધનામાં એક વર્ષની બાળકીને ગંભીર હાલતમાં 108 એમ્બ્યુલન્સ દ્વારા નવી સિવિલમાં લઈ જવાઈ રહી હતી. ત્યારે ખરવરનગર પાસે 108નો ટેમ્પો સાથે અકસ્માત થવા છતાં બાળકીને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ પહોંચાડી હતી. જોકે બાળકીને બચાવી શકાઈ નહોતી.

મૂળ મહારાષ્ટ્રના વતની સતીશભાઈ મસ્દે તેમના સાળાની વરસી હોવાથી ઉધના ભીમનગર આવાસમાં રહેતા સસરાના ઘરે પરિવાર સાથે આવ્યા હતા અને તે વતનમાં ટેમ્પો ડ્રાઈવર તરીકે કામ કરે છે. તેમની એક વર્ષની પુત્રી દિવ્યાંશીને છેલ્લા બે દિવસથી તાવ આવતો હતો. બુધવારે સવારે ઘરે જ દિવ્યાંશીની અચાનક તબિયત લથડતાં પરિવારજનોએ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. 108 એમ્બ્યુલન્સ મારફતે બાળકીને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી રહી હતી. દરમિયાન ખરવરનગર ચાર રસ્તા પાસે આગળ જઈ રહેલા ટેમ્પોએ અચાનક બ્રેક મારતાં પાછળથી આવી રહેલી 108 તેની સાથે અથડાઈ હતી. અકસ્માતના કારણે ટ્રાફિકની સ્થિતિ સર્જાઈ હતી. તેમ છતાં એમ્બ્યુલન્સમાં હાજર EMTએ બાળકીને સારવાર આપવાનું ચાલુ રાખ્યું હતું અને પાયલોટે સમયસૂચકતા વાપરીને તેને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ પહોંચાડી હતી. પરંતુ બાળકીને નવી સિવિલમાં મૃત જાહેર કરાઈ હતી.

# મોદીનાં 25 વર્ષ પૂરાં થયાના સંદર્ભમાં સુરતમાં 'સેવા જ્યોતિ યાત્રા' યોજાઈ

**સી.આર**.પાટીલ સહિતના આગેવાનો દ્વારા વાય જંક્શન પર સભામાં સંબોધનો



સુરતઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૨૫ વર્ષના સુશાસન અને સમર્પિત જનસેવાયાત્રાની ઉજવણીના ભાગરૂપે સુરત ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ સભા તથા 'સેવા જ્યોતિ યાત્રા' યોજાઈ હતી. 'સેવા જ્યોતિ યાત્રા'માં મહાનુભાવોના હસ્તે સેવા જ્યોતિ પ્રજ્વલિત કરવામાં આવી હતી અને હાથમાં મશાલ સાથે યાત્રામાં સૌ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. પીપલોદના વાય જંક્શન પાસે આયોજિત 'વિકસિત ભારત સંકલ્પ સભાનું આયોજન કરાયું હતું. જેમાં સીઆર પાટીલની સાથે અન્ય આગેવાનો દ્વારા સંબોધનો કરાયા હતા.

### 'સેવા જ્યોતિ રથ'નું ત્રણ રૂટ પર પરિભ્રમણ

બેન્ડ-વાજાની સૂરાવલિઓ અને વિવિધ સરકારી યોજનાઓના પ્લેકાર્ડ સાથે વિવિધ સામાજિક સંસ્થાઓ, મંડળો, ઉદ્યોગ એસોસિએશનો, સહકારી સંસ્થાઓ, ઉદ્યોગગૃહો, શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ તથા શહેરીજનો દ્વારા સેવા જ્યોતિ પદયાત્રામાં ત્રણ રૂટ પર પરિભ્રમણ કરાયું હતું. જેમાં વાય જંક્શનથી રાહુલરાજ મોલ સુધીની યાત્રામાં સુરત ઉત્તર, કતારગામ, સુરત પશ્ચિમ, ઓલપાડ, સુરત પૂર્વ અને મજૂરા વિધાનસભાના જનપ્રતિનિધિઓ જોડાયા હતા. જ્યારે વાય જંક્શનથી સોમેશ્વર જંક્શન સુધીની યાત્રામાં કરંજ, વરાછા, કામરેજ, ઉધના, ચોર્યાસી અને લિંબાયત વિધાનસભાના જનપ્રતિનિધિઓ જોડાયા હતા. વાય જંક્શનથી ONGC જંક્શન સુધીની યાત્રામાં ગ્રામ્ય વિધાનસભાના જનપ્રતિનિધિઓ જોડાયા હતા.

## સુરતમાં ઈન્ડિયા ગઠબંધનની રેલી મુલતવી

સુરતઃ ચૂંટણી પ્રક્રિયા અને મતદાર યાદીને લઈને દેશભરમાં ચાલી રહેલા રાજકીય વિરોધ વચ્ચે સુરતમાં ઈન્ડિયા ગઠબંધન દ્વારા 8 ઓક્ટોબરે યોજાનારી રેલી મુલતવી રાખવામાં આવી છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા સાથે ચર્ચા કરીને નવી તારીખ નક્કી કરવામાં આવશે. રેલીમાં કોંગ્રેસ ઉપરાંત સીપીઆઈ, એનસીપી, સીપીએમ તથા ઈન્ડિયા ગઠબંધન સાથે સંકળાયેલા અન્ય પક્ષોના નેતાઓ અને કાર્યકરો પણ જોડાશે તેમ શહેર કોંગ્રેસ દ્વારા જણાવાયું હતું. શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલા અને ઉપપ્રમુખ હરીશ સૂર્યવંશીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ કાર્યાલય ખાતે બેઠક બોલાવી રેલી રદ કરાયાની કાર્યકરોને જાણ કરાઈ હતી. હવે નવી તારીખ નક્કી થતાં જ શહેરના કાર્યકરો અને હોદ્દેદારોને જાણ કરવામાં આવશે.

## અડાજણમાં 'ધૂમ' સ્ટાઈલમાં દોડતી 11 બાઈક-બુલેટ ડિટેઈન

સુરતઃ અડાજણ પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા મોડી રાત્રે પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન કેટલાક યુવકો જાહેર રોડ પર સ્ટંટબાજી કરતાં અને મોડી રાત્રે મોટેથી સાઈલેન્સરના ફટાકડા ફોડીને 'ધૂમ' સ્ટાઈલમાં પૂરપાટ ઝડપે વાહનો દોડાવતા ઝડપાયા હતા. પોલીસે તાબડતોબ ઘેરાબંધી કરીને આવા વાહનચાલકોને રોકીને ૧૧ વાહન કબજે લીધા હતા. પોલીસની આ અચાનક કાર્યવાહીથી નબીરાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. પોલીસે તમામ સામે મોટર વ્હીકલ એક્ટ હેઠળ કાયદેસરની દંડનીય કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે સ્પષ્ટ ચીમકી આપી છે કે નવરાત્રિ દરમિયાન સ્ટંટબાજી અને જોખમી ડ્રાઈવિંગ કરનારાઓ સામે આ ઝુંબેશ સતત ચાલુ રહેશે. આગામી દિવસોમાં પણ વધુ નબીરા ધૂમ સ્ટાઈલમાં બાઈક ચલાવતા પકડાય તો નવાઈ નહીં.

# ગેરેજ સંચાલક પાસેથી ગીરો લીધેલી 10 લાખની BMW બારોબાર વેચી દીધી

**અમરોલીના** હનુ ભરવાડે રૂ.1.28 લાખ વ્યાજે આપી ગીરો લીધેલી BMW X1 કાર વેચી નાંખી

સુરતઃ પાસોદરા પાટિયા પાસે આવેલી નવકાર રેસિડેન્સીમાં રહેતા 28 વર્ષીય ભૌતિકભાઈ પરસોત્તમભાઈ વઘાસીયા સરથાણા જકાતનાકા દિવાળીબા કમ્પાઉન્ડમાં 'વ્રજ મોટર્સ' નામે ફોર વ્હીલ ગેરેજ ચલાવે છે. તેમણે વર્ષ-2024માં પોતાના મિત્ર મહેશભાઈ રાદડીયાના નામે રૂ.10 લાખમાં સફેદ કલરની BMW X1 કાર (GJ-03-JC-4191) ખરીદી હતી અને રિપેરિંગ કરાવી પોતે વાપરતા હતા. ગત ઓગસ્ટ-2026માં ભૌતિકભાઈને અચાનક નાણાંની જરૂરિયાત ઊભી થતાં મિત્ર ભરત ઉર્ફે ભોલાના મારફતે ગાડીઓ લે-વેચ કરતા હનુ ભરવાડ ઉર્ફે ચીથર મેર (રહે.,દેવદીપ સોસાયટી, છાપરાભાઠા રોડ, અમરોલી) સાથે મુલાકાત થઈ હતી. હનુ ભરવાડે કાર લઈને બારોબાર વેચી નાખતાં અમરોલીમાં પોલીસ ફરિયાદ કરાઈ હતી.

### રૂ.1.28 લાખ આપી કોરો ચેક અને કાર કબજે કરી

ગત તા.8/8/2026ના રોજ અમરોલી ગુજરાત શોપિંગ પાસે હનુ ભરવાડે ભૌતિકભાઈને બોલાવ્યા હતા. જ્યાં હનુએ ગાડી ખરીદવાને બદલે ગીરો રાખી રૂ.1.28 લાખ રોકડા આપ્યા હતા. તેની સામે ભૌતિકભાઈ પાસે ફેડરલ બેંકનો સહી કરેલો કોરો ચેક અને BMW કાર કબજે લીધી હતી. એક માસ બાદ નાણાં પરત ચૂકવ્યેથી ગાડી અને ચેક પરત આપી દેવાની મૌખિક મંજૂરી થઈ હતી.

### નાણાં પરત સ્વીકારવા તૈયાર ન થયો અને કાર વેચી મારી

એક માસ પૂર્ણ થતાં ભૌતિકભાઈ રૂ.1.28 લાખની સગવડ કરી પોતાનાં નાણાં પરત આપી ગાડી અને ચેક માંગવા ગયા હતા. પરંતુ હનુ ભરવાડે તેમની જાણ બહાર આ મોંઘીદાટ BMW કાર અન્ય કોઈ અજાણ્યા વ્યક્તિને બારોબાર વેચી દીધી છે. ભૌતિકભાઈએ પોતાની ગાડી પરત માંગતા હનુ ભરવાડે ઉશ્કેરાઈને કહ્યું હતું કે, તમારી ગાડી તો મેં બારોબાર વેચી નાંખી છે, હવે ગાડી ભૂલી જાઓ અને જો હવે ગાડી માંગશો તો જાનથી હાથ ધોવા પડશે તેવી ધમકી આપતાં ભૌતિકભાઈ વઘાસીયાએ અમરોલી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.



# કોસાડ-સાયણ રોડ ખાતે ગેરકાયદે એમ્બ્રોઈડરી કારખાનાં સામે રોષ

**સૃષ્ટિ** રો-હાઉસ અને શિક્ષાપત્રી હાઇટ્સના રહીશોનો મનપા કચેરીએ મોરચો

સુરતઃ અમરોલી-સાયણ રોડ પર આવેલી સૃષ્ટિ રો-હાઉસ વિભાગ-3 અને શિક્ષાપત્રી હાઈટ્સ સોસાયટીના રહીશો દ્વારા રહેણાક વિસ્તારમાં ધમધમતાં ગેરકાયદે કારખાનાં સામે મોરચો માંડી સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે લેખિત રજૂઆત કરી છે.

રહીશોએ કરેલી રજૂઆતમાં 11 મુદ્દાની કડક તપાસ કરી તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે, જેમાં વધારાનું ગેરકાયદે બાંધકામ, એફ.એસ.આઈ.નો ભંગ, રેસિડેન્શિયલ ઝોનમાં કોમર્શિયલ/ઈન્ડસ્ટ્રિયલ ઉપયોગ, ફાયર સેફ્ટી/ફાયર એન.ઓ.સી. અને પોલ્યુશન કન્ટ્રોલની પરવાનગીઓની ચકાસણી તેમજ રાત્રિના સમયે છૂપી રીતે ચાલતા કારખાનાંની ઓચિંતી સ્થળ-તપાસ કરવાની માંગણીઓ કરી છે. ટીડીઓ, ફાયર ડિપાર્ટમેન્ટ અને જી.ઈ.બી. પાવર રૂલ્સ હેઠળ સંયુક્ત તપાસ કરી ગેરકાયદે બાંધકામો સીલ કે ડિમોલિશ કર્યાનો લેખિત અહેવાલ આપવા જણાવાયું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું




સુરતઃ સતર્કતા જાગૃતિ અભિયાનના ભાગ રૂપે, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, પ્રાદેશિક કાર્યાલય, સુરત દ્વારા 6 ઓક્ટોબર, 2026 ના રોજ પાલ લેક ગાર્ડન્સ, સુરત કેમ્પસ ખાતે પર્યાવરણીય સંરક્ષણ અને જનજાગૃતિનો સંદેશ ફેલાવવા માટે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દ્વારા, પ્રાદેશિક વડા, નિશાંત રંજને સંદેશ આપ્યો કે, એક જવાબદાર નાગરિક અને સંગઠનની જવાબદારી પણ છે કે તેઓ સામાજિક અને પર્યાવરણીય જવાબદારીઓ પ્રત્યે સતર્ક રહે. ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓએ પર્યાવરણીય સંરક્ષણને તેમના રોજિંદા કાર્ય અને સામાજિક જવાબદારીનો અભિન્ન ભાગ બનાવવાનો સંકલ્પ કર્યો.

### કંડલા ફોરમ 2026માં ઉચ્ચસ્તરીય આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિમંડળે ભાગ લીધો




સુરતઃ દીનદયાલ પોર્ટ ઓથોરિટી, કંડલા દ્વારા કંડલા ફોરમ 2026 - "Anchoring Maritime Decarbonisation", જ્ઞાનની વહેંચણી અને ટેક્નોલોજી ટ્રાન્સફરનું આયોજન કરવામાં આવ્યું હતું. ફોરમ વૈશ્વિક ઉદ્યોગ નેતાઓ અને દીનદયાલ પોર્ટ ઓથોરિટી વચ્ચે સીધી ભાગીદારી માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું હતું.ફોરમમાં ઉચ્ચ સ્તરીય આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિમંડળે ભાગ લીધો હતો, જેમાં 62 Hydrogen Council સભ્ય કંપનીઓનું પ્રતિનિધિત્વ કરતા 200થી વધુ વરિષ્ઠ અધિકારીઓ સામેલ હતા. સુશીલ કુમાર સિંહ, IRSME, ચેરમેન, દીનદયાલ પોર્ટ ઓથોરિટી, કંડલા, એ કંડલાના ગ્રીન હાઇડ્રોજન અને ડેરિવેટિવ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તથા મેરીટાઇમ એનર્જી ટ્રાન્ઝિશનમાં તેની ઉભરતી ભૂમિકા અંગે વૈશ્વિક ઉદ્યોગ પ્રતિનિધિમંડળ સાથે વ્યાપક ચર્ચા કરી હતી. પ્રેઝન્ટેશન દરમિયાન DPAના ચેરમેને DPAના હાલના અને આયોજિત ગ્રીન-એનર્જી ઇન્ફ્રાસ્ટ્રક્ચરની રૂપરેખા રજૂ કરી હતી.

### સુરત નેશનલ કો-ઓપ. બેંકને સ્કોબાનો એવોર્ડ




સુરતઃ સાઉથ ગુજરાત અર્બન કો-ઓપ. બેન્ક એસોસિયેશન (સ્કોબા) દ્વારા તા.૦૬/૧૦/૨૦૨૬ નાં રોજ મનાલી મુકામે યોજાયેલી સ્કોબા પ્રાઈડ એવોર્ડ અર્પણ સમારોહમાં સુરત નેશનલ કો-ઓપ. બેન્ક લિ.ને પ્રોફિટેબિલિટી મેનેજમેન્ટની કક્ષામાં વિજેતા જાહેર કરવામાં આવી હતી. આ તબક્કે ચેરમેન, વાઈઝ ચેરમેન, સ્કોબાનાં પ્રથમ ઉપાધ્યક્ષ તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન દેવાંગ ચોકસીએ સભાસદ, ગ્રાહકો તથા સ્ટાફના સતત સહકારની પ્રસંશા કરી હતી. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન બેન્કે કુલ ૨૧૦૦ કરોડનો બિઝનેશ હાંસલ કર્યો છે તથા સભાસદોને ૧૫ % ડિવિડન્ડની ચુકવણી કરી છે. બેંક દ્વારા આગામી દિવસોમાં વેસુમાં શાખા ખોલવામાં આવશે.

### ભક્તિ એટલે માત્ર ભજનો ગાવા એ જ પર્યાપ્ત નથીઃ પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં પ્રવચનપ્રભાવક જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં જૈન શાસનના અદભુત પદાર્થો પૈકી 'સમ્યક્ દર્શન' ઉપર દસ દિવસથી પ્રવચનમાળા ચાલી રહી છે જેમાં મોટી સંખ્યામાં શ્રોતાઓ લાભ લઈ રહ્યા છે. ધર્મસભાને સંબોધતા આ. પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણી વહાવતા કહ્યું હતું કે, પ્રભુના વચનો ઉપર શ્રદ્ધાની સરગમ ઘૂંટાતી હોય તેને 'સમ્યક્ દર્શનનું પ્રાગટ્ય થઈ જાય તો સાગર જેવો સંસાર ખાબોચિયું બની જાય છે. ભક્તિનું માધુર્ય ભીતરમાં ઘુંટાઈ જાય એટલે ભક્તનો બેડો પાર થઈ જાય. ભક્તિની પરિભાષા સમજવાની જરૂર છે. ભક્તિ એટલે માત્ર ભજનો ગાવા એ જ પર્યાપ્ત નથી. ભક્તિ માત્ર ભગવાનને રાજી કરવા માટે જ નથી કરવાની પણ ભીતરી આત્માને રાજી કરવા માટે કરવાની છે. ભક્તિ એટલે ભગવાને આપણને જે આપ્યું છે તે બદલ એમનો આભાર વ્યક્ત કરવાનો છે.

### વિઘ્નોના વાદળો તપના તેજને ખમી શકતા નથીઃ પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ નવી ચાલ સ્થિત શ્રી સુપાર્શ્વનાથ શ્વે. મૂ. જૈન સંઘમાં ભીવંડી ખાતે પ્રભાવક પ્રવચનકાર જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં જૈનાચાર્ય અભયદેવસૂરિજી મહારાજ ડેલાવાળાના સમુદાયવર્તી સાધ્વીજી ભગવંત શ્રી પ્રજ્ઞાંશુરક્ષિતાશ્રીજી મ. ની 30 ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યાના તપોત્સવ પ્રસંગે 'તપ વંદનાવલી'નો સંગીતસભર કાર્યક્રમ યોજાયો હતો. આ પાવન પ્રસંગે શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘમાંથી પણ મોટી સંખ્યામાં ભાવુકો ઉપસ્થિત રહ્યા હતા. આ પાવન અવસરે પરિવાર તરફથી અને શ્રી સંઘ તરફથી તપસ્વીના અક્ષતથી વધામણા થયા હતા.આ પુનિત અવસરે આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણીનું આચમન કરાવતાં કહ્યું હતું કે, વિઘ્નોના વાદળો તપના તેજને ખમી શકતા નથી. જેના જીવનમાં તપરૂપી તલવાર સાંપડી છે તેનું ક્યારેય પતન થઇ શકતું નથી. તનની શુદ્ધિ માટે જેમ સાબુ છે તેમ મનની અને જીવનની શુદ્ધિ માટે તપરૂપી સાબુ પરમાત્માએ બતાવ્યો છે.

### પંચશીલ કો-ઓપરેટિવ બેંકને સ્કોબાના 3 એવોર્ડ એનાયત



સુરતઃ સ્કોબા દ્વારા હિમાચલ પ્રદેશના મનાલી ખાતે આયોજિત સ્કોબા પ્રાઈડ એવોર્ડ સમારોહમાં સુરત શહેરમાં છેલ્લા 53 વર્ષથી પંચશીલ કો- ઓપરેટિવ બેન્કને સ્મોલ બેંક કેટેગરીમાં 3 એવોર્ડ પ્રાપ્ત થયા છે, જેમાં ફાયનાન્સિયલ સ્ટેબિલિટી, બિઝનેસ ગ્રોથ અને પબ્લિક રિલેશનની કેટેગરીના એવોર્ડ સહકારી અગ્રણીઓની ઉપસ્થિતમાં એનાયત કરવામાં આવ્યા છે.મનાલીમાં યોજાયેલા સમારોહમાં બેંકના ચેરમેન મયુર ચૌહાણ, ડિરેક્ટર સુરેશભાઈ પટેલ એ એવોર્ડ સ્વીકાર્યા હતાં. બેંકના ચેરમેન મયુર ચૌહાણે જણાવ્યું હતું કે, બેંક, જમીની સ્તરના નાના અને મધ્યમ વર્ગ માટે ધંધા-રોજગારની લોન ફેસિલિટી અને ઉત્તમ બેન્કિંગ સેવાઓ માટે સંવેદનશીલતાપૂર્વક કાર્યરત રહી છે.બેંક અંત્યોદય અને આર્થિક સમાવેશન માટે સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવાનું પણ ઉમદા કાર્ય સંવેદનશીલતાથી કરી રહી છે.